ક્રો. ફેલ

નોં. ક્ર. 12683
શાખા
05 NOV 2022
શિક્ષણ વિભાગ
નવા સચિવાલય, ગાંધીનગર

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના COVID-19 થી સંક્રમિત શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની મેડીકલ રજાઓ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૨૦૨૦/૯૨૩/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧/૧૦/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) નાણા વિભાગનો તા.૦૧/૦૪/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:રજઅ/૧૦૨૦૨૦/યુ.ઓ.૮૮૮/પી.

(૨) કમિશ્નરશ્રી શાળાઓની કચેરીનો તા.૨૬/૦૪/૨૦૨૧ના પત્ર ક્રમાંક: ઘ/માધ્ય//વ-૨/૨૦૨૧-૨૨/ ૭૪૦૦.

આમુખ:-

રાજ્યના સરકારી અધિકારી/કર્મચારી, ફિક્સ પગારના કર્મચારીઓ તથા તમામ કરાર આધારીત અધિકારી/કર્મચારીઓ કોરોના પોઝિટીવ આવે અને તે અંગેનું અધિકૃત મેડિકલ સર્ટીફિકેટ રજૂ કરે તો આવા કર્મચારીને ખાસ કિસ્સામાં ૧૦ દિવસની દિવસની મેડિકલ રજા મંજૂર કરવાની રહેશે તથા આ ૧૦ દિવસની રજા તેમના ખાતે જમા મેડિકલ રજાના હિસાબમાં ઉધારવાની રહેશે પરંતુ, જો કોઇ કિસ્સામાં કર્મચારીના રજા હિસાબમાં આ હેતુ માટે ૧૦ દિવસની મેડિકલ રજાઓ જમા ન હોય તો તે કિસ્સામાં પણ તેઓને ૧૦ દિવસ સુધીની ખૂટતી રજા મળવાપાત્ર થશે તેવી જોગવાઈ વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના નાણા વિભાગના તા.૦૧/૦૪/૨૦૨૧ના ઠરાવથી કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના તા.૨૬/૦૪/૨૦૨૧ના પત્રથી નાણા વિભાગના ઉક્ત ઠરાવની જોગવાઈઓ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને લાગુ પાડવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના નાણા વિભાગના તા.૦૧/૦૪/૨૦૨૧ના ઠરાવની જોગવાઈઓ લાગુ પાડવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૭/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

સુ.પ્ર. અધિકારી
(સહી)

(જે.ટી.બાઘણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રા અને મા.શિ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

- ❖ અગ્ર સચિવશ્રી(નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ❖ કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- ❖ તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફતે)
- ❖ તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફતે)
- ❖ સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- ❖ નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.
- ❖ શાખા સિલેક્ટ ફાઈલ.